# નિર્ભયાના ચારે દોષિતને વહેલી સવારે ફાંસી

## ફાંસીના અડધા કલાક પહેલા સુધી દોષિતો દ્વારા પોતાને બચાવી લેવા માટેના પ્રયાસો કર્યા : નરાધમ રડી પડ્યા, ફાંસીના રૂમમાં જબરીપૂર્વકથી લઇ જવાયા

નવીદિલ્હી, તા. ૨૦

આખરે સાત વર્ષના લાંબા ગાળા બાદ નિર્ભયાને ન્યાય મળી ગયુ છે. આજે સવારે ૫-૩૦ વાગે નિર્ધારિત કરવામાં આવેલા સમય પર ચાર નરાધમોને ફાંસી આપી દેવામાં આવી હતી. આખરે એ ન્યાય થયુ હતુ જેની દેશના લોકો રાહ જોઈ રહ્યા હતા. ફાંસીના અડધા કલાક પહેલા સુધી જોરદાર ઘટનાક્રમ જોવા મળ્યો હતો. આ ગાળા દરમિયાન દોષિતોએ પોતાને બચાવી લેવાના તમામ છેલ્લી ઘડીના પ્રયાસ કર્યા હતા. દોષિતો રડી પડ્યા હતા. તેમને બળજબરીપૂર્વક ફાંસીના રૂમમાં લઈ જવામાં આવ્યા હતા. અધિકારીઓએ કહ્યુ હતુ કે તમામ ચારેય અપરાધીઓને એક સાથે ફાંસી આપવામાં આવી હતી. ચારે અપરાધીને ફાંસી પર લટકાવી દેવા માટે ચાર હેંગર ફાંસીના રૂમમાં બનાવવામાં આવ્યા હતા. મેરઠથી આવેલા જલ્લાદ પવને ફાંસીનો ફંદો ખેંચી લીધો હતો. ચારેયને ફાંસી આપી દેવા માટે ૬૦ હજાર રૂપિયા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.આ સમગ્ર રકમ જલ્લાદને મળી છે. ઘટનાક્રમના ભાગરૂપે શુક્રવારે વહેલી પરોઢે ૩.૧૫ વાગે ચારેંને તેમના સેલમાંથી ઉઠાવી લેવામાં આવ્યા હતા.

અલબત્ત ચારેય પૈકી કોઈ નીંદ લીધી ન હતી. ત્યારબાદ સવારની દરરોજની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તેમને સ્નાન કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. ત્યારબાદ તેમના માટે ચા મંગાવવામાં આવી હતી. જો કે કોઈએ ચાર પીધી ન હતી. ત્યારબાદ તેમની અંતિમ ઈચ્છા પૂછવામાં આવી હતી. ત્યારબાદ સેલથી બહાર લાવતા પહેલા ચારેયને કાળા વસ્ત્રો પહેરાવી દેવામાં આવ્યા હતા. ચારેયના હાથ પાછળની બાજુએ બાંધી દેવામાં આવ્યા હતા. આ ગાળા દરમિયાન બે દોષિત હાંથ બાંધવાનો ઈન્કાર કરી રહ્યા હતા. પરંતુ તેમની વાત સાંભળવામાં આવી ન હતી. વિનયે વસ્ત્રો બદલી દેવાનો ઈન્કાર કર્યો હતો. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે રાત્રે નિર્ભયાની સાથે હૈવાનિયતનો ખેલ ખેલનારને



આજે ફાંસી દેવામાં આવ્યા બાદ નિર્ભયાના પરિવારના સભ્યોને ન્યાય મળતા ખુશી વ્યક્ત કરી હતી. દોષિતો માટે છેલ્લી રાત્રી ખુબ ભયાનક રહી હતી. ચારેય દોષિતો રાત્રે ઉંઘી શક્યા ન હતા. કોર્ટમાંથી કોઈ ઓર્ડર આવી રહ્યા છે કે કેમ તે અંગે જેલ કર્મચારીઓને રાત્રે પુછતા રહ્યા હતા. વિનયની હાલત સૌથી ખરાબ દેખાઈ હતી. તે છેલ્લી ઘડીએ તમામ પ્રયાસો કરતા નજરે પડ્યો હતો. તે જોરશોરથી રડવા લાગ્યો હતો. પગ પકડી રહ્યો હતો. ફાંસી માટે લઈ જતી વેળા ત્યાં રહેલા ૧૫ અધિકારીઓ, જેમાં જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ, ડેપ્યુટી સુપ્રીન્ટેન્ડેન્ટ, હેડ વોર્ડર તેમજ તમિળનાડુ સ્પેશિયલ પોલીસ ફોર્સના અધિકારીઓને વારંવાર રજૂઆત કરવામાં આવી હતી. પોતાના વકીલને મળવાની વાત કરવાની ઈચ્છા વ્યકત કરી રહ્યો હતો. વકીલ તેને બચાવી લેશે તેમ તે માની રહ્યો હતો. તેને માફ કરી દેવા માટે વિનય સતત કહી રહ્યો હતો. જયારે દોષિતોને નહાવા અને વસ્ત્રો બદલી દેવા માટે કહેવામાં આવ્યુ ત્યારે વિનયે ઈન્કાર કર્યો હતો.

બાકીના ત્રણેય અપરાધીઓમાં બેચેની દેખાઈ ન હતી. આખરી ૧૦ મિનિટ જે અંતિમ ઈચ્છા માટે આપવામાં આવે છે તે દરમિયાન પણ વિનય રડતો રહ્યો હતો. નિર્ભયાના અપરાધીઓની ૧૯મી માર્ચની રાત ખુબ ભારે રહી હતી. ચાર પૈકી એ અપરાધીઓએ ભોજન કર્યુ હતુ. તિહાર જેલ તંત્ર દ્વારા ચારેયને અલગ અલગ સેલમાં રાખ્યા હતા. ૨૪ કલાક પહેલાથી મોનેટરિંગ શરૂ કરી દેવામાં આવી હતી. ચારે પોતાને ઈજા પહોંચાડી શકે છે તે માટે તકેદારી રાખવામાં આવી હતી. ગઈકાલે દિલ્હીની કોર્ટે તમામ અપરાધીઓની ફાંસી ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. દિલ્હીની કોર્ટે તેમની માંગણીને ફગાવી દેતા ફાંસી માટેનો માર્ગ મોકળો થયો હતો. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે નિર્ભયાના દોષિતોની ફાંસી ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. અક્ષયે ફાંસીથી બચવા માટે અંતિમ ચાલ રમી હતી અને સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ પિટિશન દાખલ કરી હતી. પિટિશનમાં અક્ષય દ્વારા રાષ્ટ્રપતિથી ફગાવી દેવામાં આવેલી દયાની અરજીને પડકાર ફેંક્યો હતો. ગુરુવારના દિવસે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટની બહાર દોષિત અક્ષયની પત્નિ પુનિતાદેવી બેભાન થઈ ગઈ હતી. પાંચમી માર્ચના દિવસે નિચલી કોર્ટે ૩૨ વર્ષીય મુકેશની, ૨૫ વર્ષીય પવન ગુપ્તા, ૨૬ વર્ષીય વિનય શર્મા અને ૩૧ વર્ષીય અક્ષયકુમારની ફાંસી આપવા માટે નવેસરથી મૃત્યુ વોરંટ જારી કર્યુ હતું અને ચારેય દોષિતોને ૨૦મી માર્ચના દિવસે સવારે ફાંસી આપવાનો આદેશ થયો હતો. મામલામાં ચારેય દોષિત પૈકી ત્રણે મોતની સજા ઉપર રોક મુકવાની માંગ સાથે દિલ્હીની કોર્ટમાં રજૂઆત કરી હતી. આજે આખરે વિવાદોનો અંત આવ્યો હતો.

# શેરબજારમાં જોરદાર રિકવરી થઈ ગઈ : ૧૬૨૮ પોઈન્ટ સુધી સુધાર

શેરબજારમાં જોરદાર વેચવાલી રહ્યા બાદ શેરબજારમાં આજે શાર્પ રિકવરીની સ્થિતિ જોવા મળી હતી. છ ટકાથી વધુનો ઉછાળો ઈક્વિટી માર્કેટમાં નોંધાયો હતો. વૈશ્વિક બજારોમાં સારા સંકેત અને કોરોના વાયરસને રોકવા માટે વિશ્વના જુદા જુદા દેશો દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો વચ્ચે સારા સંકેત મળતા સેંસેક્સ ૧૬૨૮ પોઈન્ટ રિકવર થઈને બંધ રહ્યો હતો તેની સપાટી ૨૯૯૧૬ રહી હતી. ૩૦ સેંસેક્સ પૈકીના ૨૮ શેરમાં તેજી રહી હતી જયારે બે શેરમાં મંદી રહી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, એચડીએફસી અને ટીસીએસના શેરમાં સૌથી મોટો ઉછાળો રહ્યો હતો. ઓએનજીસીના શેરમાં ૧૮.૫ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. સેંસેક્સના શેરોમાં ઓએનજીસીના શેરમાં સૌથી વધુ ઉછાળો નોંધાયો હતો. આરઆઈએલ, હિન્દુસ્તાન યુનિલીવર અને ટીસીએસના શેરમાં ૧૦થી ૧૨ ટકા વચ્ચેનો ઉછાળો નોંધાયો હતો જયારે એચડીએફસી બેંકના શેરમાં એક ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. સાપ્તાહિક આધાર પર સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ૧૨ ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં એનએસઈમાં તેજી રહી હતી. આજે તમામ સેક્ટરલ તેજીમાં રહેતા કારોબારીઓને આંશિક રાહત થઈ હતી. એફએમસીજીમાં નવ ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો જેથી તેની સપાટી ૨૬૦૨૭ રહી હતી. નિફ્ટી આઈટીમાં ૮.૫ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૨૩૦૬ રહી હતી. મેટલના શેરમાં પણ લેવાલી રહી હતી. નિફ્ટી મેટલ ઈન્ડેક્સમાં ૭.૭ ટકાનો ઉછાળો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૬૯૫ રહી હતી. બ્રોડર માર્કેટમાં નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સમાં પાંચ ટકાની આસપાસનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૨૬૪૨ રહી હતી.

# મધ્યપ્રદેશમાં કમલનાથનું રાજીનામું

ભોપાલ, તા. ૨૦

મધ્યપ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસથી રાજકીય કટોકટી રહ્યા બાદ આખરે મુશ્કેલીમાં મુકાયેલા અને પુરતા સભ્યો નહીં હોવાની સ્થિતિ વચ્ચે મુખ્યમંત્રી કમલનાથે રાજીનામુ આપી દીધું હતું. આની સાથે જ મધ્યપ્રદેશમાં ભાજપ સરકારની રચનાનો માર્ગ મોકળો થઈ ગયો છે. ફ્લોરટેસ્ટ પહેલા જ કમલનાથે રાજીનામુ આપી દીધું હતું. તેમના રાજીનામાનો સ્વિકાર કરાયો છે. પોતાના રાજીનામામાં કમલનાથે કહ્યું છે કે, પોતાની ૪૦ વર્ષની કેરિયરમાં હંમેશા લોકોના હિતમાં કામ કર્યું છે. સુપ્રીમ કોર્ટના આદેશ પર મધ્યપ્રદેશ વિધાનસભામાં આજે બપોરે યોજાનાર શક્તિ પ્રદર્શન પહેલા કમલનાથે રાજીનામુ આપ્યું હતું.



રાજયપાલ લાલજી ટંડનને રાજીનામુ સોંપી દેવામાં આવ્યું હતું. કમલનાથે કહ્યું છે કે, લોકશાહી મુલ્યોને હંમેશા મહત્વ આપવામાં આવ્યું છે. મધ્યપ્રદેશમાં છેલ્લા બે સપ્તાહમાં જે કંઈપણ ઘટનાઓ બની તે ખુબ જ કમનસીબ તરીકે રહી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, લોકશાહી મુલ્યોના અવમુલ્યનના કેટલાક કિસ્સા જોવા મળ્યા છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે તેઓ રાજીનામુ આપી રહ્યા છે. મધ્યપ્રદેશના વિકાસમાં તેમનો સહકાર હંમેશા જારી રહેશે. શક્તિ પરીક્ષણ પહેલા જ તેમના રાજીનામાથી કટોકટીનો અંત આવ્યો છે. શક્તિ પરીક્ષણ માટે મધ્યપ્રદેશ વિધાનસભાનું ખાસ સત્ર આજે બપોરે બોલાવવામાં આવ્યું હતું પરંતુ ૪૦ મિનિટ પહેલા કમલનાથે રાજીનામુ આપી દીધું છે. પોતાના આવાસ ઉપર કમલનાથે પત્રકાર પરિષદ યોજી હતી અને ભાજપ પર જોરદાર આક્ષેપ કર્યા હતા. ભાજપ ઉપર આક્ષેપ કરતા કમલનાથે કહ્યું હતું કે તેમની સરકારને ગબડાવી દેવા માટે કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થયેલા ગ્વાલિયર રાજપરિવારના વંશજ જ્યોતિરાદિત્ય સિંધિયા અને તેમના દ્વારા પ્રોત્સાહિત ૨૨ અસંતુષ્ટ કોંગ્રેસી ધારાસભ્યો સાથે કાવતરુ ઘડ કાઢવામાં આવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, આજ પછી આવતીકાલ પણ આવે છે. પ્રજા સાક્ષી રહી છે કે, લોકશાહી મૂલ્યોને પાળવામાં આવ્યા છે. બપોરે સવા એક વાગે રાજભવન પહોંચીને રાજ્યપાલને રાજીનામું સોંપ્યુ હતું. કમલનાથે કહ્યું હતું કે, કરોડો રૂપિયા ખર્ચ કરીને રમત રમવામાં આવી હતી.

## કોરોનાનો ભરડો... ● પહેલા પાનાનું ચાલુ

આવી રહ્યા છે.વિદેશમાં ફસાયેલા ભારતીયોને પણ પરત લાવવામાં આવી રહ્યા છે. ભારતમાં કોરોના વાયરસ થયા બાદ ૨૦ લોકો સ્વસ્થ થઈ ચુક્યા છે. ભારતમાં કોરોનાના કારણે ચાર મોત થયા છે. કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર અને જુદા જુદા રાજ્યોમાં પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. કોરોના કેસોની સંખ્યામાં અવિરત વધારો થઈ રહ્યો છે. ભારતમાં પણ ચિંતાનુ મોજુ સામાન્ય લોકોમાં જોવા મળી રહ્યુ છે. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યા છે. ભારતમાં કુલ કેસોની સંખ્યા ૨૨૩ પહોંચી છે જેમાં ૩૨ વિદેશી નાગરિકો છે જે પૈકી ૧૭ ઈટાલીના છે. ત્રણ ફિલિપાઈન્સ, બે યુકે, એક કેનેડા, એક ઈન્ડોનેશિયા અને એક સિંગાપોરનો નાગરિક છે.

## લોકડાઉન... ● પહેલા પાનાનું ચાલુ

મુખ્યરીતે લોકોના એકત્રિત થવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. માર્કેટને બંધ રાખવામાં આવશે. પોલીસ સ્ટેશનને લઈને ચર્ચા ચાલી રહી છે ત્યારે અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, તમામ પોલીસ સ્ટેશનો ખુલ્લા રહેશે. મહારાષ્ટ્રના શિક્ષણ મંત્રીએ માહિતી આપતા કહ્યું છે કે, પહેલાથી આઠમાં ધોરણ સુધીની પરીક્ષાઓ રદ કરી દેવામાં આવી છે. પરીક્ષા વગર જ વિદ્યાર્થીઓને આગામી ક્લાસમાં પ્રમોટ કરી દેવામાં આવનાર છે. ૯મીથી ૧૧મી સુધીની પરીક્ષાઓ ૧૫મી એપ્રિલ બાદ લેવામાં આવશે. મહારાષ્ટ્ર સરકારે આદેશ જારી કરીને કહ્યું છે કે, સરકારી ઓફિસોમાં ૨૫ ટકા ઉપસ્થિતિ રહેશે. ૩૧મી માર્ચ સુધી ચાર શહેરોને બંધ રાખવામાં આવનાર છે. કોરોના વાયરસના ખતરાને ધ્યાનમાં લઈને મુંબઈ, પુણે, પિમ્પરી, ચિંચવાડ, નાગપુરમાં જરૂરી સેવા ચાલુ રહેશે બાકી તમામ જગ્યાઓ પર બંધ પાળવામાં આવનાર છે.

## ભારે ખળભળાટ... ● પહેલા પાનાનું ચાલુ

અંગેની જાહેરાત કરતાં રાજ્યના આરોગ્ય કમિશનર સુશ્રી જયંતિ રવિએ જણાવ્યું હતું કે, અત્યારસુધી ગુજરાતમાં જે પણ કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે તે બધા વિદેશથી આવેલી વ્યક્તિના છે, કોઈ લોકલ કે ડોમેસ્ટિક સિટિઝન કેસ પોઝીટીવ આવ્યો નથી. રાજયમાં કોરોના પોઝીટીવના કુલ સાત કેસોમાં અમદાવાદના ત્રણ, વડોદરાના બે અને સુરત તથા રાજકોટના એક-એક કેસનો સમાવેશ થાય છે. અમદાવાદમાં કોરોના પોઝીટીવના એક જ દિવસમાં આજે ત્રણ પોઝીટીવ કેસો સામે આવતાં સમગ્ર તંત્ર દોડતુ થઈ ગયુ અને લોકોમાં જબરદસ્ત હડકંપ મચી ગયો છે. અમદાવાદના પોઝીટીવ કેસની બંને મહિલાઓ પશ્ચિમ અમદાવાદની છે. એક ન્યુયોર્ક અને એક મહિલા ફિનલેન્ડથી આવી હતી અને મુંબઈ થઈ ફ્લાઈટમાં અમદાવાદ પહોંચી હતી. ન્યૂયોર્કથી આવેલી મહિલા તા.૧૪ માર્ચે આવી હતી. ત્રણ દિવસ ઘરે રહ્યાં બાદ તા.૧૭મીએ એસવીપીમાં દાખલ કરવામાં આવી હતી. જયારે ફિનલેન્ડથી આવેલી મહિલા અમદાવાદ તા.૧૩મી માર્ચે આવી હતી અને તા.૧૬મી માર્ચે એસવીપીમાં દાખલ કરવામાં આવી હતી. આરોગ્ય કમિશનરે જણાવ્યું હતું કે, અમદાવાદના યુવતી કે જે તા.૧૪ માર્ચના રોજ ન્યૂયોર્કથી વાયા મુંબઈ ફ્લાઈટમાં આવી હતી તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ફિનલેન્ડથી આવેલી યુવતીનો રિપોર્ટ પણ આજે સવારે પોઝીટીવ આવ્યો છે. જયારે સ્પેનથી વડોદરા આવેલા યુવકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતા ગુજરાતમાં છેલ્લા બે દિવસમાં કોરોના પોઝીટીવ કેસની સંખ્યા વધીને ૫ થઈ ચૂકી છે. જો કે, આ તમામ દર્દીઓની વય ૩૫ વર્ષથી ઓછી છે. આ તમામને જે-તે જિલ્લામાં ખાસ ઉભા કરાયેલા આઈસોલેશન વોર્ડમાં રખાયા છે. શરૂમાં તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા પણ અત્યારે તેઓ આઈસોલેશન વોર્ડમાં છે અને બધાની હાલત સ્થિર છે. કોરોનાના ઈલાજ અંગેની વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (હુ) અને ભારત સરકારના આરોગ્ય મંત્રાલયની ગાઈડલાઈન્સ મુજબ આ પાંચેય પોઝીટીવ દર્દીના પરિવારજનોને ફરજિયાત ઈન્સ્ટીટ્યુશનલ ક્વોરેન્ટાઈનમાં રખાયા છે. રાજ્ય સરકારે કરેલી અલાયદી વ્યવસ્થામાં આ તમામ પરિવારજનોને હાલ ક્વોરેન્ટાઈન કરાયા હોવાનું જણાવતા જયંતિ રવિએ ઉમેર્યું હતું કે, પરિવારજનોની હાલત પણ સ્થિર છે. તેઓ કેટલા લોકોના સક્રિય સંપર્કમાં આવ્યા છે તેની તપાસ ચાલુ છે અને જરૂર જણાશે તો વધુ લોકોને ઈન્સ્ટીટ્યુશનલ ક્વોરેન્ટાઈનમાં રખાશે.

## બંધ રાખવા આદેશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોટલમાં બેસીને જમણવાર કે નાસ્તો કરાવવાની સુવિધા આપી શકાશે નહી. તે ઉપરાંત ધાર્મિક સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓને કોરોના વાયરસના કારણે કોઈ ધાર્મિક સભા કે અન્ય પ્રસંગોનું આયોજન ન કરવા પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

વાયરસના ભયમાં લોકોનું જનજીવન ખોરવાઈ ન જાય તે માટે કિરાણા સ્ટોર્સ જેવી જીવન જરૂરિયાતવાળી દુકાનો ખુલ્લી રાખી શકાશે. તેમજ રેશનકાર્ડની દુકાનમાંથી અગામી માસનો અનાજ અને અન્ય ચીજ વસ્તુઓનો જથ્થો એડવાન્સમાં આપી દેવાનું પણ સુચારું આયોજન કરવામાં આવ્યું છે. તેની સાથે દવાની દુકાનો ખુલ્લી રાખવાની છુટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવી છે.

તે ઉપરાંત નગરજનોને નોવેલ કોરોના વાયરસના કારણે સતત સ્પિરીટ/આલ્કોહોલ, સાબુથી હાથ ધોવા, વાપરેલ ટિસ્યુ ઉપયોગ બાદ તરત જ બંધ કચરાપેટીમાં નાખવા ભાર પૂર્વક જણાવ્યું છે. તેમજ ગમે ત્યાં ન થુંકવા અને જીવંત પશુઓના સંપર્કમાં તથા કાચા કે ન રંધાયેલા માંસનું સેવન ન કરવા તથા ઉધરસ કે તાવ હોય ત્યારે કોઈની બહુ નજીક ન જવા જણાવ્યું છે. ૬૦ વર્ષથી વધુની ઉંમરના વડીલોને અને ૧૦ વર્ષથી નાના બાળકોને ઘરની બહાર બહુ ન નીકળવાની પણ જિલ્લા વહીવટી તંત્ર તરફથી અપીલ કરવામાં આવી છે.

## મેયરની અપીલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમામ દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ છે.આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકાના જે કર્મચારીઓને શરદી-ઉધરસ તથા તાવના લક્ષણો જોવા મળે તો રજા મંજૂર કરવામાં આવશે તેમજ વર્ગ-૩ અને વર્ગ-૪ના ૫૫ વર્ષથી ઉપરના કર્મચારીઓને જરૂર જણાયે રજા આપવામાં આવશે. ગાંધીનગર શહેરની તમામ કચેરીઓમાં બાયોમેટ્રિક હાજરી પ્રથા બંધ કરી, ગાંધીનગર મહાનગરપાલિકાનું આધારકાર્ડ કેન્દ્ર તેમજ જનસેવા કેન્દ્ર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સ મુજબ સેક્ટર-૨૮ લગ્નવાડી ખાતે ૫૦ બેડ ધરાવતું આઈસોલેશન વોર્ડ ઉભો કરવામાં આવેલ છે. તેમજ જરૂર જણાયે વધારાની ૧૫૦ બેડની વ્યવસ્થા તૈયાર રાખવામાં આવેલ છે.વડાપ્રધાનના તા. ૧૯-૩-૨૦૨૦ના પ્રજાજોગ આપવામાં આવેલ સંદેશમાં સૂચન કર્યા અનુસાર તા. ૨૨-૩-૨૦૨૦ના રોજ જનતા કરફ્યુનો ચુસ્તપણે પાલન કરી પ્રજાજનોને સહકાર આપવા અપીલ કરવામાં આવે છે. સરકારી કચેરીઓમાં લોકો જરૂર વગર ન જાય તેવો અનુરોધ કરાયો છે. આ તમામ નિર્ણયોની અમલવારી કરવા વોર્ડ વાઈઝ નોડલ અધિકારીની તેમજ પોલીસ સ્ટાફની પણ નિયુક્તિ કરાઈ છે. જાહેર જનતાને અફવાથી ગભરાવવું નહી તથા અફવાઓથી દૂર રહેવા માટે અપીલ કરી છે.

## બજેટ મંજૂર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામો માટે પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પત્રકારો દ્વારા બજેટ અંગે પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે વૉટર હાર્વેસ્ટીંગના કામો માટેની જોગવાઈ તેમજ આદર્શ ગ્રામ માટેની જોગવાઈ સહિત જિ.પં.ની કચેરી માટે કરેલી જોગવાઈઓ આવકારદાયક છે. ગ્રામીણ વિકાસ વેગીલો બને તેનો ખ્યાલ આ બજેટમાં રાખવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન પટેલે જણાવ્યુ હતુ કે અમે સર્વસમાવેશક વિકાસની સાથે સાથે સંતુલિત વિકાસને અગ્રતા આપી છે. જિલ્લામાં પાણીની ઉભી થતી તંગીના નિવારણ માટે વૉટર હાર્વેસ્ટીંગના કામો સાથે પ્રા.આ. કેન્દ્રોમાં સોલાર લાઈટો માટે રૂફટોપ સોલારને પણ અગ્રતા આપી છે. આ બેઠકમાં લોકલફંડ શેષની રકમમાં રૂ. ૧ નો વધારો કરવાની દરખાસ્ત પ્રમુખસ્થાનેથી રજુ થઈ હતી પરંતુ કોંગી સભ્ય જવસિંહ ચારેલ અને અન્ય સભ્યોની રજુઆતને અંતે તે પ્રસ્તાવ સ્થગિત કરી દેવાનો નિર્ણય કરાયો હતો.

ભાજપના જયેશ ચૌધરીએ ગ્રાન્ટના વપરાશને લઈ પુછેલા પ્રશ્નનો લેખિતમાં જવાબ આપવામાં આવ્યો હોવાનું જણાવાયું હતુ.

બજેટ પરની ઔપચારિક ચર્ચાને અંતે તે પસાર કરવામાં આવતાં એજન્ડાના તમામ કામો પણ સર્વાનુમતે મંજૂર થતાં સભા પૂર્ણ થયેલી જાહેર કરાઈ હતી.

